જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૪/૨૦૨૬ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૫૨૩/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૬ કેસ કરી, ૬૧ વ્યક્તિઓને ઝડપી, ૨૮૬ લીટર દેશી દારૂ, ૮૧ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૫૨ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮,૧૬૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૫૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૮૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૫૨૫/૨૦૨૬**

દાણીલીમડાઃ નૌફાન સાકીરભાઈ મન્સુરી (રહે. ઝૈદ ડુપ્લેક્ષ, ત્રીજા માળે, નુર–એ–મારૂક મસ્જીદ પાસે ગલીમાં, દાણીલીમડા) એ તા.૧૧/૦૪/૨૦૨૬ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૮/૦૪/૨૦૨૬ સવારના ૭/૩૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૭૭,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨,૨૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૨,૯૭,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૫૨૬/૨૦૨૬**

શહેરકોટડાઃ હરીસીંગ જીબ્બર વાસેકર (ઉ.વ.૫૬)(રહે.કૃષ્ણધામ એપાર્ટમેન્ટ સ્વામિનારાયણ મંદીર પાછળ શહેરકોટડા) એ અગમ્ય કારણસર તા.૧૦/૦૪/૨૦૨૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક મકાનના રૂમમાં પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાતા સારવાર અર્થે તેમને સિવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૦/૦૪/૨૦૨૬ રાતના ૧૧/૫૫ વાગે તેમનું મૃત્યું નિપજ્યું હતુ. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.ગોસ્વામી ચલાવે છે.

નારોલઃ કિશન સુભાષભાઇ વર્મા (ઉ.વ.૧૯)(રહે. ગણેશનગરના છાપરાં એકતાનગર મ્યુની.સ્કુલ પાછળ પીપળજ પિરાણા રોડ પીપળજ) એ અગમ્ય કારણસર તા.૧૧/૦૪/૨૦૨૬ સવારના ૬/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘર આગળ લાઇટના થાંભલા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી